**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૨/૧૨/૨૦૧૮ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૭૧/૧૮**

**શહેરકોટડા પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ચાલતી જુગારની પ્રવુતિને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ**

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી અમિત વિશ્વકર્મા સાહેબશ્રી તથા મે.નાયબ પો.કમી.શ્રી.ઝોન-૩ આર.એફ.સંગાડા સાહેબ તથા એ.સી.પી.શ્રી બળદેવ દેસાઇ સાહેબના માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેક્ટર શ્રી બી.ડી.ગમાર સાહેબની સુચનાથી પોલીસ સ્ટેશન વિસ્તારમા દારુ જુગારની પ્રવુતિ શોધી કાઢવા સઘન કાર્યવાહી કરવા સુચના કરેલ જે આધારે આજરોજ તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ નાઇટ રાઉન્ડમાં પ્રો.મ.સ.ઇ પ્રકાશભાઇ કિરણચંદ્ર તથા સાથેના પો.કો ગીરીશકુમાર મંગળદાસ બ.નં.૩૪૬૩ તથા પો.કો ઉપેન્દ્રસિંહ બેચરસિંહ બ.ન.૪૦૦૨ તથા પો.કો. મેહુલ પ્રદીપભાઇ બ.નં.૧૦૦૮૮ તથા લો.ર. નિમેષકુમાર જયંતીભાઇ બ.નં. ૬૦૩ તથા લો.ર. મુકેશકુમાર રમણભાઇ બ.નં. ૧૩૨૨૬ તથા લો.ર હર્ષદકુમાર બાબુભાઇ બ.નં. ૪૪૨ નાઓ સાથે ફરજ પર હતા તે દરમ્યાન નાઇટ્રોન દરમ્યાન પેટ્રોલીંગમા ફરતા ફરતા કલાક ૦૦/૦૫ વાગે સરસપુર ઇન્ડીયા બુલ્સ આગળ આવતા સાથેના પો.કો. ઉપેન્દ્રસિંહ બેચરસિહ બ.નં. ૪૦૦૨ તથા લો.ર. હર્ષદકુમાર બાબુભાઇ બ.નં. ૪૪૨ નાઓને સંયુકત ખાનગી બાતમી હકીકત મળેલ કે, શહેરકોટડા પો.સ્ટે.ના જુગાર બુટલેગર અલ્પેશ ઉર્ફે ટોનીયો નરેશભાઇ પટેલ તથા તેનો ભાઇ જીગ્નેશ ઉર્ફે ગોટી નરેશભાઇ પટેલ બન્ને રહે, કડીયાવાડ સરસપુર નાઓ એકબીજાના મેળાપણાથી સરસપુર કડીયાવાડના નાકે જાહેરમા પોતાના વાહનો પાર્ક કરી કેટલાક ઇસમોને એકઠા કરી પોતાના અંગત ફાયદા સારુ ગંજી પત્તા પાનાનો પૈસાથી હારજીતનો જુગાર રમી રમાડે છે જે બાતમી આધારે સદરી જગ્યાએ રેડ કરતા આરોપી (૧) જીગ્નેશ ઉર્ફે ગોટીયો નરેશભાઇ પટેલ ઉ.વ.૨૯ રહે, મકાન નં-૮૦૯ કડીયાવાડ સરસપુર અમદાવાદ +૬= ૭ આરોપીઓ મળી આવેલ અને સાતેય આરોપીઓ પાસેથી અંગજડતી તપાસ કરતા (૧) અંગજડતીના નાંણા કુલ્લે રૂ.૩૩,૨૬૦/- (૨) દાવ ઉપરના નાંણા રૂ.૧૩૯૦/- (૩) મોબાઇલ ફોન નંગ-૦૬ કિં.રૂ. ૩૭,૨૦૦/- (૪) ટુ વ્હીલર વાહનો -૦૪ કિં.રૂ. ૧,૭૦,૦૦૦/- તથા (૫) ગંજી પાના નંગ-૫૨ કિં.રૂ.૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૨,૪૧,૮૫૦/- (બે લાખ એત્તાલીસ હજાર આંઠસો પચ્ચાસ રૂપીયા) સાથે મળી આવીએ પકડાઇ જઇ તથા આરોપી અલ્પેશ ઉર્ફે ટોનીયો નરેશભાઇ પટેલ નાનો રેડ દરમ્યાન નાસી જઇ નહી મળી આવેલ હોય જેથી ઉપરોક્ત તમામ આરોપીઓ વિરુધ્ધમા જુગાર ધારા કલમ-૧૨ મુજબ કાયદેસર કાર્યવાહી કરવા તજવીજ કરેલ છે ને આરોપી અલ્પેશ ઉર્ફે ટોનીયો નરેશભાઇ પટેલને પકડવા સારૂ શહેરકોટડા પોલીસ સ્ટાફના માણસોએ ચકો ગતિમાન કરેલ છે અને સદર ગુનાની આગળની વધુ તપાસ પ્રો.મ.સ.ઇ. પ્રકાશભાઇ કિરણચંન્દ્ર નાઓ કરી રહ્યા છે.

## ૧૬ વર્ષથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડતી એલીસબ્રીજ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી સંયુક્ત પોલીસ કમિશ્નર સેકટર-૧ શ્રી અમિતકુમાર વિશ્વકર્મા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર એમ વિભાગ શ્રી વી.જી.પટેલ સાહેબ નાઓની સુચન. માર્ગદર્શન હેઠળ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ. શ્રી એ.એસ.પટેલ એલીસબ્રીજ પો.સ્ટે. નાઓની. સુચના માર્ગદર્શન મુજબ નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ પો.સ.ઈ. એ.પી. જેબલીયા તથા હે.કો. પ્રકાશસિંગ સુરસિંગ બ.ન. ૭૩૪૬ તથા પો.કો. અલ્પેસભાઈ વાઘુભાઈ બ.ન. ૧૦૨૨૭ તથા પો.કો. રાહુલ વશરામભાઈ બ.ન. ૬૧૯૫ તથા પો.કો. મહેન્દ્રકુમાર રમેશભાઈ બ.ન. ૧૦૨૩૯ તથા વુ. લોકરક્ષક દેવીબેન પરબતભાઈ બ.ન. ૧૦૭૭૩ તથા વુ. લોકરક્ષક નેહલ અરજણભાઈ બ.ન. ૧૦૫૩૦ નાઓ સાથે એલીસબ્રીજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૬૯૮/૨૦૦૨ ઈપીકો કલમ ૪૦૬ , ૪૨૦ , ૪૬૭ , ૪૬૮ , ૪૭૧ , ૧૧૪ મુજબના ગુનાના કામના નાસતા ફરતા આરોપીઓ (૧) કાનન શ્યામલ ત્રિવેદી તથા (૨) શ્યામલ એસ. ત્રિવેદી તથા (૩) શિવાની વાય. ત્રિવેદી રહે, એ/૪૦૩ ધરણીધર ફ્લેટ જયદીપ ટાવર પાસે અમદાવાદ શહેર નાઓના જુના સરનામે હે.કો. પ્રકાશસિંગ સુરસિંગ બ.ન. ૭૩૪૬ તથા પો.કો. અલ્પેસભાઈ વાઘુભાઈ બ.ન. ૧૦૨૨૭ નાઓએ તપાસ કરતાં આરોપીઓ મળી આવેલ ન હોય તેઓના હાલના મકાન માલિકની સઘન પુછપરછ કરી તેઓની પાસેથી અગાઉના માલિક મૌલિકભાઈ વ્યાસ નાઓના નંબરો મેળવી તેઓને પુછપરછ કરી તેઓના મો.નં. ની કોલ ડિટીએલ ના.પો.કમિ. શ્રી ઝોન-૭ સાહેબ અમદાવાદ શહેર નાઓ મારફતે મંગાવતાં તેઓ શ્રી તરફથી તાત્કાલિક કોલ ડિટીએલ મોકલી આપતાં સદર મૌલિકભાઈ વ્યાસની કોલ ડિટીએલ પો.ઈન્સ. શ્રી એ.એસ.પટેલ સાહેબ તથા પો.સ.ઈ. શ્રી એ.પી.જેબલીયા સાહેબ નાઓએ એનાલીસીસ કરી કાનન એસ. ત્રિવેદીનો નંબર શોધી તેના હાલના સરનામે તપાસ કરતાં આ ગુનાના કામે પકડવાનો બાકી આરોપી (૧) શ્યામલ સુધાકરભાઈ ત્રિવેદી ઉવ.૪૨ રહે, ૯/૯૩ પુજન એપાર્ટમેન્ટ જીવરાજ મહેતા હોસ્પિ. પાસે વાસણા અમદાવાદ શહેર તથા (૨) કાનન શ્યામલભાઈ ત્રિવેદી ઉવ.૪૨ રહે, ૯/૯૩ પુજન એપાર્ટમેન્ટ જીવરાજ મહેતા હોસ્પિ. પાસે વાસણા અમદાવાદ શહેર નાઓ હાજર મળી આવેલ અને આ કામે અન્ય એક આરોપી બેન શિવાની વાય. ત્રિવેદી ની પુછપરછ કરતાં તેઓ સાલ હોસ્પિ. માં નર્સ તરીકે કામ કરતાં હોસ્પિ. ખાતે તપાસ કરતાં શિવાની ડો/ઓફ યજ્ઞેશભાઈ ત્રિવેદી ઉવ.૪૭ રહે, કે/૬૦૩ ઈન્દ્રપ્રસ્થ ટાવર હિમાલીયા મોલની બાજુમાં ડ્રાઈવ ઈન રોડ અમદાવાદ શહેર નાઓ મળી આવતાં તેઓ ત્રણેયને પો.સ્ટે. ખાતે ઉપરોક્ત ગુનાના કામે પુછપરછ માટે લાવતાં ગુનાની કબુલાત કરતાં હોય જેથી સદર ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી પી.ડી.પરમાર નાઓને સોંપેલ હોય જે ત્રણેય આરોપીઓને સોંપી છેલ્લા ૧૬ વર્ષથી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી સારી કામગીરી કરેલ છે.

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

**મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્ટાફના માણસોએ દાખલ થયેલ (૧) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં. ૫૨૨૨/૧૮ (૨) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં. ૫૩૨૫/૧૮ (૩) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં. ૫૪૮૬/૧૮ (૪) વટવા પો.સ્ટે. પ્રોહી ગુરનં. ૫૫૦૧/૧૮ તમામ ધી પ્રોહી કલમ ૬૬(બી) - ૬૫(ઈ) મુજબના ગુનાના કામની આરોપણ બેન નામે જ્યોતીબેન વા/ઓ વિનોદભાઈ જાતે-ચુનારા ઉવ. ૩૨ રહે, બચુનગર બચુભાઈના કુવા પાસે વટવા અમદાવાદ શહેરનાઓની વિરુધ્ધ મે.પો.કમિ. શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૨૩૧/૨૦૧૮ તા.૨૧/૧૨/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપણ બેનને આજરોજ તા.૨૧/૧૨/૨૦૧૮ ના કલાક ૧૭/૩૦ વાગે વટવા પોલીસ સ્ટેશન ખાતે પકડી લાવી પાસા હુકમની બજવણી કરી આરોપણ બેનને યોગ્ય જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર - સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.**

## પાસા અટકાયતના આરોપીને પકડી વડોદરા જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર શ્રી બી.એન.ડાભી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ પ્રોહીબિશનના ગુનામા સંડોવાયેલ મો.રઉફ સિદ્દીકભાઇ શેખ ઉ.વ ૩૬ રહે, મ.ન સી/૨૩ પાનવાળી ચાલી શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા સદરીને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/૧૨૩૦/૧૮ તા ૨૧/૧૨/૧૮ થી પાસાનો હુકમ કરતા સદરીને સર્વેલન્સ સ્કોડના અ.હે.કોન્સ જાકીરખાન મેહબુબખાન બ.ન ૭૬૯૫ તથા અ.પો.કો સુરેશકુમાર જીવણભાઇ નાઓની સંયુકત બાતમીથી ગણતરીના કલાકમા પકડી પાડી પાસા હુકમની બજવણી કરી વડોદરા જેલ ખાતે મોકલી આપેલ છે તા ૨૧/૧૨/૨૦૧૮

## સને ૨૦૦૨ ની સાલથી નાસતો ફરતો આરોપી પકડી અટક કરતી રખિયાલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સે-૨ સાહેબની સુચના મુજબ નાસતા ફરતા તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પો.કમિ.શ્રી."એચ" ડિવીઝન નાઓ તરફથી મળેલ માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઇંન્સ્પેક્ટર એમ.પી.પઠાણ તથા સ્ટાફના માણસો સાથે તપાસ કરી કરાવતા રખિયાલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં- ફસ્ટ ગુ.ર.નં- ૮૩/૨૦૦૨ ધી. ઇ.પી.કો કલમ- ૩૭૯,૧૧૪ મુજબના ગુનાના કામનો ઘણા સમયથી પોતાની ધડપકડ ટાળવા સારુ નાસતો ફરતો આરોપી કીષ્નાકુમાર ઉર્ફે કિશનચંદ સ/ઓ દેવીચંદ પુરોહીત ઉવ ૪૨ રહે મુળ ગામ તાતણા તા.સાંચોર જી.ઝાલોર રાજસ્થાન હાલ રહે નારગેટ રોડ ચાંદપોલ બજાર મનં ૩૨૯ જયપુર સીટી રાજસ્થાન નાને જયપુર રાજસ્થાન ખાતેથી આરોપીનો કબજો મેળવી સદરી ગુનાના કામે તા. ૨૧/૧૨/૨૦૧૮ ના કલાક ૦૪/૪૦ વાગ્યે પકડી અટક કરી આરોપીની વિરુધ્ધમા કાયદેશર કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## ઈંગ્લીશ દારૂનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ

## રૂપીયા ૫૯૦૦૦/- નો વિદેશી દારૂ ભરેલ વોક્સવેગન ગાડી કબજે કરી

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજમ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા:-૨૧/૧૨/૨૦૧૮ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ તથા પો.કો ચીરાગભાઈ ભુપતભાઈ નાઓની સંયુક્ત બાતમી આધારે રબારી કોલોની ચાર રસ્તાથી રનીંગ થયેલ **વોક્સવેગન ગાડી નં. GJ.01.KG.8799** ની હાટકેશ્વર સાઈબાબા કોમ્પલેક્ષ દુકાન નં.૧૧ તથા ૧૨ ની સામે બીનવારસી હાલતમા મુકી ડ્રાઈવર નાશી ગયેલ જે ગાડી માં ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ:૨૧૪ તથા બીયર નંગ:૪૮ મળી કુલ્લે રૂપીયા ૫૯૦૦૦/- તથા વોક્સવેગન ગાડી કીમત રૂપીયા ૩૦૦૦૦૦/- ગણી કુલ્લે રૂપીયા ૩૫૯૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરી નાશી ગયેલ અજાણ્યા ગાડીના ચાલક વિરુધ્ધમાં ધી પ્રોહિ એકટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ) ૧૧૬(બી),૯૮(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## સોલા હાઇકોર્ટ પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં:૧૫૮/૨૦૧૬ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબના કામે છેલ્લા બે વર્ષ થી નાસતા ફરતા આરોપીને ટ્રાન્સફર વોરંન્ટ આધારે પકડી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર સાહેબના હુકમ આધારે મે. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ નાઓ દ્વારા રાખવામાં આવેલ નાસતા ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઇવ અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "એ" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ સોલા પો.સ્ટેશનના પો.ઇન્સ શ્રી ડી.એચ.ગઢવી નાઓના સીધા સુપરવિઝન હેઠળ અત્રેના સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનના પો.સ.ઇ ડી.આર.રાઠોડ નાઓની બનાવેલ ટીમના હે.કો તારીકમહંમદ સિકંદરભાઇ બ.નં-૯૭૩૫ નાઓએ ટ્રાન્સફર વોરંન્ટ આધારે દેવગઢ બારીઆ જૈલ જીલ્લો દાહોદ ખાતે થી સોલા પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં: ૧૫૮/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ ના કામે છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી ઇસ્માઇલભાઇ જોરસીંગભાઇ મંડોડ ઉ.વ-૨૨ રહે. રવાળી ફળીયુ, ગામ.ચીલાકોટા, તા.ગરબાડા,જી.દાહોદ વાળાને આજરોજ તા.૨૧/૧૨/૨૦૧૮ કલાક ૧૭/૦૦ વાગ્યે પકડી પાડતી સોલા સોલા હાઇકોર્ટ પોલીસ ટીમ. .

**<u>શાહપુર પોલીસ સ્ટેશનના ગુન્હામાં છેલ્લા આઠેક વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી શાહપુર પોલીસ</u>**

મે. પોલીસ કમિશ્નર શ્રી એ.કે. સિંઘ સાહેબ તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-01 સાહેબ તથા DCP શ્રી ઝોન-02 સાહેબ તથા ACP શ્રી "C" ડિવિઝન સાહેબ તથા શાહપુર સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.કે.અમીન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાહેબ શ્રી આર. બી. વાઘેલા તથા પો.સ.ઈ. પી. જે. સોલંકી તથા સાથેના સ્ટાફના મ.સ.ઈ. રણજીતસિંહ તખતસિંહ બ.નં.-૭૫૦૯ તથા મ.સ.ઈ. ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ બ.નં.-૭૬૮૯ તથા અ.હે.કો. શક્તાભાઈ જકશીભાઈ બ.નં.-૫૩૯૪ તથા પો.કો. રણછોડભાઈ ધુધાભાઈ બ.નં.-૪૨૬૮ તથા પો.કો. અતુલકુમાર જયેન્દ્રભાઈ બ.નં.-૮૮૬૪ તથા પો.કો. જીતેશભઈ રમેશભાઈ બ.નં.-૬૫૦૩ તથા પો.કો. યુનુશખાન મુનાવરખાન બ. નં.-૮૬૫૪ તથા પો.કો. પ્રિયવદન મનુભાઈ બ.નં.-૬૪૮૪ તથા પો.કો. શૈલેષકુમાર ગોવિંદભાઈ ,બ.નં.-૭૪૨૨ તથા પો.કો. અક્ષયકુમાર દરશથલાલ બ.નં.-૧૨૮૫૬ તથા પો.કો. દિપક બાબુભાઈ બ.નં.-૬૧૭૨ વિગેરે સ્ટાફના માણસો સાથે પો. સ્ટે. વિસ્તારમાં નાસતા-ફરતા વોન્ટેડ આરોપીઓ પકડવા અંગેની ડ્રાઈવમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન સાથેના અ.પો.કો. અતુલકુમાર જયેન્દ્રભાઈ બ.નં.-૮૮૬૪ તથા પો.કો. પ્રિયવદન મનુભાઈ બ.નં.-૬૪૮૪ નાઓને સંયુક્ત બાતમી હકિકત મળેલ કે અમદાવાદ શહેર શાહપુર પો. સ્ટે. ફ.ગુ.ર.નં.-૭૪/૧૦ ધી ઈ.પી.કો. કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૯, ૪૫૨, ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૩૨૩, ૪૨૭, ૩૯૫, ૨૯૪(ખ), તથા બી.પી. એક્ટ કલમ-૧૩૫(૧), મુજબના ગુનામાં નાસતા-ફરતા આરોપી નામે વિજય સ/ઓ કિશનભાઈ જાતે-દંતાણી (દત્ત) રહે.-ગાંધીબ્રીજના છેડે, સેંધામોતીની ચાલી, શાહપુર શંકર ભુવનના છાપરા, શકુબેન રાજુભાઈ વાઘેલા નાઓના મકાનમાં, શાહપુર, અમદાવાદ શહેર નાઓ ઉપરોક્ત ગુનામા વોન્ટેડ હોય અને આજરોજ શંકરભુવનના કાચાછાપરા પાસે ઉભો છે જેણે શરીરે વાદળી કલરનુ શર્ટ તથા આછા પીળા કલરનું ચોકડી વાળુ પેન્ટ પહેરેલ છે વિગેરે મતલબની ચોક્કસ બાતમી હકીકત આધારે હકિકત વાળી જગ્યાએ શંકરભુવનના કાચાછાપરા પાસે આવતા હકિકતમાં જણાવેલ ઇસમ સદર જગ્યાએ ઉભેલ હોય જેને કોર્ડન કરી રોકી સદરીનું નામઠામ પુછતા પોતે પોતાનુ નામ વિજય સ/ઓ કિશનભાઈ જાતે-દંતાણી (દત્ત) ઉ.વ.-૨૨ વર્ષ ૦૮ માસ ૧૧ દીવસ, મૂળરહે.-મ.નં.-૨/૪૯, ન્યુ ગણેશનગર સો.સા., ભાઠા ગામ, વાસણા, અમદાવાદ શહેર તથા હાલરહે.-ગાંધીબ્રીજના છેડે, સેંધામોતીની ચાલી, શાહપુર શંકર ભુવનના છાપરા, શકુબેન રાજુભાઈ વાઘેલા નાઓના મકાનમાં, શાહપુર, અમદાવાદ શહેર નાનો હોવાનુ તેમજ હમણાજ નારણપુરા પો. સ્ટે. તેમજ સેટેલાઈટ પો. સ્ટે. તથા ઘાટલોડીયા પો. સ્ટે. તેમજ આનંદનગર પો. સ્ટે. ના ઘરફોડના ગુનાઓમાં આશરે આઠેક માસની પાસા કાપીને આવેલ છું અને હમણા એકાદ મહિના પહેલાજ મારા ઘરે રહેવા માટે આવેલ છું તેવુ જણાવેલ જે ઇસમ શાહપુર પો. સ્ટે. ના ઉપરોકત ગુનામા વોન્ટેડ હોવાનુ જણાવતા જેથી સદરી ઇસમને શાહપુર પો. સ્ટે. ફ.ગુ.ર.નં-૭૪/૧૦ ધી ઈ.પી.કો. કલમ-૧૪૩, ૧૪૭, ૧૪૯, ૪૫૨, ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૩૨૩, ૪૨૭, ૩૯૫, ૨૯૪(ખ), તથા બી.પી. એક્ટ કલમ-૧૩૫(૧), મુજબના ગુનાના કામે આજરોજ તા-૨૧/૧૨/૨૦૧૮ ના કલાક-૧૭/૪૫ વાગે પકડી અટક કરેલ છે. તા.-૨૧/૧૨/૨૦૧૮.

## <u>છેલ્લા ૧૪ વર્ષથી છેતરપીડીના ગુન્હામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી દરીયાપુર પોલીસ</u>

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે. અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ તથા મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'એફ' ડીવીઝન અમદાદાવાદ શહેર નાઓની દ્વારા આપવામાં આવેલ અમદાવાદ શહેર વિસ્તાર ના પોલીસ સ્ટેશનનોમાં ગુન્હા સબબ નાસતા-ફરતા વોન્ટેડ આરોપીઓને શોધી કાઢી કાયદેસર ની કાર્યવાહી કરવા સારૂ આપેલ સુચના અનુસાર રાખવા આવેલ ઝુબેશ આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી બી.આર સંગાડા ના સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ **શ્રી એસ.એ.** પાટીલ નો-સર્વેલન્સ સ્કોડ દરીયાપુર પોલીસ સ્ટેશન તથા **હેકો રમેશભાઈ સોમાભાઈ** તથા **પોકો સહદેવસિંહ રાજેન્દ્રસિંહ** તથા **લોકરક્ષક કુલદીપસિંહ ધર્મેન્દ્રસિંહ** તથા બીજા સ્ટાફના માણસો સાથે સને-૨૦૦૪માં દરિયાપુર ફરીયાદીશ્રીની જગદીશ સેલ્સ એજન્સી ચોખા બજારમાં રીલાયન્સનો મોબાઈલ લેવા સારૂ નાણા રૂ.૫૫૦૦/- અને ફરીશ્રીના ડોક્યુંમેન્ટ આપેલ તેઓને રીલાયન્સનો મોબાઈલ ફોન આપવા નાસતા-ફરતા આરોપીએ સુનીલ ચેલારામ કેસવાણી રહે- ૫ નવા દુર્ગા સોસાયટી એ વોર્ડ કુબેરનગર નરોડા અમદાવાદ શહેર  નાને આપેલ અને આ ફોન આપેલ આ ફોનનું છ માસ બીલ ભરવાનુ નહી તેમા જણાવી નાણા રૂ.૫૫૦૦/- મેળવેલ જે આશરે છ માસ બાદમાં ફરીયાદીશ્રીને આશરે ચારેક મોબાઈલ નંબરના બીલ આવેલ આ આરોપીઓએ ફરીયાદીશ્રીના દસ્તાવેજ આધારે અન્ય મોબાઈલ લઈ અન્ય આપી દીધેલ હતા જે ગુન્હામાં સહ આરોપીઓ(૧) ચંદન સન/ઓ કનૈયાલાલ હીન્દુજા (સીન્ધી) (૨) કિશોરભાઈ રૂપચંદ મેધાણી (૩) દીપકભાઈ ત્રિકમદાસ મેધાણી નાઓની ધરપકડ થયેલ અને આ ગુન્હામાં ઉપરોકત આરોપી સુનીલ ચેલારામ કેસવાણી નાસતા-ફરતા રહેલ જેની વિરૂધ્ધમાં સીઆરપીસી કલમ ૭૦ વોરટ મેળવેલ અને જેનું સીઆરપીસી કલમ ૮૨ મુજબનું જાહેરનામુ બહાર પાડવા નામદાર કોર્ટમાં રીપોર્ટ કરેલ છે આરોપી સુરત મુકામે સ્થાળતર થયેલ અને જેની યુકિત-પ્રયુકિતથી સરનામુ શોધી કાઢી દરીયાપુર પોલીસ સ્ટેશન <u>ફસ્ટ ગુરન-૪૨/૨૦૦૪</u> ઈપીકો કલમ ૪૦૬,૪૨૦ ,૪૬૭,૪૬૮ ,૧૧૪ વિગેરે મુજબ આરોપી સુનીલભાઈ ચેલારામ કેસવાણી ઉ.વ-૪૦ રહે- મનં-૧૫૦ કિષ્ણાકુજ સોસાયટી પાલનપુર ટોલનાકા ન્યું રાદેર રોડ સુરત મુળ રહે- ૫ નવા દુર્ગા સોસાયટી એ વોર્ડ કુબેરનગર નરોડા અમદાવાદ શહેર  નાને આજરોજ તા-૨૧/૧૨/૨૦૧૮ ના કલાક ૨૨/૩૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## <u>સોલા હાઇકોર્ટ પોસ્ટે સે.ગુ.ર.નં  ૩૨૯૩/૨૦૧૮સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન(વિજ્ઞાપન નિશેધ) તેમજ વેપાર અને વાણીજય ઉત્પાદન પુરવઠા અને વહેચણી નિયંત્રણ(ગુજરાજ સુધારો) ધારા ૨૦૧૭ ની કલમ૨૧(એ) ના કામે</u>

મે.પોલીસ કમિશ્નરસાહેબઅમદાવાદ શહેરનાહુકમ આધારે મે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ નાઓ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "એ" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સોલા પો.સ્ટેશનના પો.ઇન્સ શ્રી ડી.એચ.ગઢવી નાઓના સીધા સુપરવિઝન હેઠળ અત્રેના સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનના અ.હે.કો ગુલાબસિંહ સેતાનસિંહ બ.નં-૬૬૯૪ ના ઓની બાતમીના આધારે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાંહુક્કાબારની ચાલતી પ્રવૃતિ અંગે તપાસ કરતા ઓગણજ ગામ સર્કલથી લપકામણ ગામ તરફ જતા રોડ ઉપર આવેલ ખોડીયાર ફાર્મની બાજુમાં નવા બનેલ કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડ ફ્લોર પર હુકાબાર ચલાવતા બે ઇસમ નામે નંબર <u>(૧) પાર્થ સુરેશભાઇ વાઘેલા ઉ.વ.૨૯, રહે:શ્રી રામ નિવાસ યુકો બેન્કની બાજુમાં રાણીપ બસ સ્ટેન્ડની સામે રાણીપ અમદાવાદ શહેર તથા નંબર (૨) જતીન દીલીપભાઇ પટેલ ઉ.વ.૨૬, રહે: શારદાબા ભવન ખોડીયાર ફાર્મની બાજુમાં ઓગણજ અમદાવાદ શહેર</u>નાઓ ગેરકાયદેસર રીતે હુક્કાબાર/આહારગૃહ ચલાવતા હોય જેઓને સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન <u>સેકન્ડ ગુન્હા રજીસ્ટર નંબર:૩૨૯૩/૨૦૧૮ સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન(વિજ્ઞાપન નિશેધ) તેમજ વેપાર અને વાણીજય ઉત્પાદન પુરવઠા અને વહેચણી નિયંત્રણ(ગુજરાજ સુધારો) ધારા ૨૦૧૭ ની કલમ ૨૧(એ)</u> મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. અને હુક્કાબાર ની પ્રવૃતિ બંધ કરવવામાં આવેલ છે અને હાલમાં આ ગુન્હાની તપાસ ચાલુ છે.તા:૨૧/૧૨/૨૦૧૮.

**સોલા હાઇકોર્ટ પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં:૫૩/૨૦૦૦ ઇ.પી.કો કલમ ૪૫૪,૩૮૦ મુજબના કામે છેલ્લા અઢાર વર્ષ થી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ**

મે. પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર સાહેબના હુકમ આધારે મે. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ નાઓ દ્વારા રાખવામાં આવેલ નાસતા ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઇવ અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "એ" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ તેમજ સોલા પો.સ્ટેશનના પો.ઇન્સ શ્રી ડી.એચ.ગઢવી સાહેબ નાઓના સીધા સુપરવિઝન હેઠળ અત્રેના સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનના પો.સ.ઇ ડી.આર.ગઢવી નાઓની બનાવેલ ટીમના હે.કો દિગ્વિજયસિંહ નટવરસિંહ બ.નં-૮૫૮૩ તથા પો.કો રવિન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં-૯૮૭૪ તથા અ.લોકરક્ષક જયરામભાઇ રેવાભાઇ બ.નં૦૪૩૫ નાઓની સયુકત બાતમી આધારે **સોલા પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં: ૫૩/૨૦૦૦ ઇ.પી.કો કલમ ૪૫૪,૩૮૦, ના કામે છેલ્લા અઢાર વર્ષથી નાસતા ફરતા આરોપી દોલતસિંહ રતનસિંહ રાઠોડ** ઉ.વ-૫૨ ધંધો-મજુરી રહે-પ્રાથમીક આરોગ્ય કેન્દ્રની પાછળ ,દરબાર વાસ,ગામ.ટીંટોઇ તા.મોડાસા, જી,અરવલ્લી.નાઓને તેઓના વતનથી પકડી લાવી આજરોજ તા.૨૨/૧૨/૨૦૧૮ કલાક ૦૨/૧૫ વાગ્યે પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલતી સોલા હાઇકોર્ટ પોલીસ

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.